

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*હતો મસ્તીમાં કોરોના, ખસીકરણ થઈ ગયું!*
*આવશે હવે કાબૂમાં, વશીકરણ થઈ ગયું!*
*'હસીકરણ કે ફસીકરણ?' એ છે સૌની દ્વિધા -*
*થશે પ્રજા નિશ્ચિંત - કે રસીકરણ થઈ ગયું!!*
*(સમસ્યાઓની સુનામીની આગાહી)*

### હાઈકુ

*કરે સહાય -*
*વિફરેલી પ્રકૃતિ -*
*નાથ વિજ્ઞાન...*

*ધૈર્ય ના ફળ -*
*ને વધારો શ્રીફળ*
*રસી સફળ!!*

*(વિશ્વના વૈજ્ઞાનિકોને અભિનંદન...)*

### ચિંતન

**અવિચ્છિન્ન ઈવાજ્ઞાનાત્તન્નાશે સતિ કેવલ: ।**
**સ્વયં પ્રકાશતે હ્યાત્મા મેધાપાયેંऽશુમાનિવ ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જેમ સૂર્ય વાદળાંથી ઢંકાયેલો હોતો નથી, છતાં (દષ્ટિદોષથી) તે જાણે વાદળાંથી ઢંકાયેલો હોય તેવો લાગે છે, તેમ આત્મા અજ્ઞાનથી યુક્ત છે જ નહિ, છતાં તે જાણે અજ્ઞાનથી યુક્ત હોય તેવો લાગે છે, પરંતુ જેમ વાદળાં દૂર થતાં સૂર્ય પોતાની મેળે પ્રકાશે છે, તેમ અજ્ઞાનનો નાશ થતાં કેવળ શુદ્ધ આત્મા પોતાની મેળે જ પ્રકાશે છે.

'આત્મા' જાતે તો 'પરમાત્મા'નો અંશ જ છે તે ખરાબ નથી પણ અજ્ઞાનનો અંધકાર રુપી વાદળથી ઢંકાયેલો છે ચિંતન-મગન-ભજનનો પવન લાગે તો અજ્ઞાનરુપી વાદળ ખસી જાય અને 'આત્મા' સ્વયં પ્રકાશિત હતો તેવો મહાત્મા થઈ જાય!

અજ્ઞાતના વાદળ દૂર કરવા ઈશ્વરની ભક્તિ કરો.

### સુવિચાર

- જબ જાણો નહિં રુપ કો, તબ જાણ્યો સબ લોગ,
  નહિ જાણ્યો નિજરુપ કો, જો જાણ્યો સો ફોક - **તત્વમસિ**
- આપત્તિ 'માનવી' બનાવે છે અને 'સંપત્તિ' રાક્ષસ - **વિક્ટર હ્યુગો**
- હરિફાઈ મન = અશાંતિનું ઘર - **એસ. ભટ્ટાચાર્ય**
- પરિવર્તન માટે જરૂરી છે, આત્મનિરીક્ષણ,
  ભૂલનો સ્વીકાર અને સુધારણાની તૈયારી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સમાજનો અમીર વ્યક્તિ તમને ઓળખે એ તમારી પ્રગતિ છે, પણ સમાજનો ગરીબથી ગરી વ્યક્તિ તમને ઓળખે એ તમારી લોકપ્રિયતા છે - **ગિરિરાજ કિશોર**
- પ્રાપ્ત અને પર્યાપ્ત વચ્ચેનું અંતર એનું નામ જ 'સંઘર્ષ' - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : આંબાના પાનને મિક્સરમાં જ્યુસ કાઢી તાજો - અડધો કલાસ સવાર-સાંજ પીવાથી બીપી કંટ્રોલમાં રહે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત સદાનંદ તપસ્યા કરવા જંગલમાં ગયા. ત્યાં એમણે એક ઝૂંપડીમાં એક પગ કપાયેલા સાધુને જોયા. સદાનંદને આશ્ચર્ય થયું કે આ સાધુનો પગ શેના કારણે કપાઈ ગયો હશે?' તેમણે સાધુને પૂછ્યું, 'મહાત્મા આ પગ કેવી રીતે ગુમાવ્યો ?' સાધુએ સદાનંદને જવાબમાં કહ્યું, 'અકસ્માતમાં નથી કપાયો, એ તો મેં જાતે જ કાપી નાખ્યો છે!!' સદાનંદે પૂછ્યું, 'જાતે? શા માટે ?' સાધુએ કહ્યું, 'હું અહીંયા પાંચ-છ વર્ષથી તપસ્યા કરી રહ્યો હતો. આસપાસના લોકો મને ખૂબ માનની નજરે જોતા હતા. હું પણ મારી જાતને મહાન તપસ્વી માનવા લાગ્યો હતો. એ સમય દરમિયાન એક સુંદર યુવાન સ્ત્રી લાકડા લેવા અહીંથી પસાર થઈ. મારું મન તેણે મોહ્યું. હું ઝૂંપડીની બહાર પગ મૂકતો હતો ત્યાં મારી વિવેકે મને ઠપકો આપ્યો.' 'ફટ ભૂંડા, બસ આ જ તારી તપસ્યા?!' તારામાં અને એક લંપટમાં તફાવત શું?' હું તરત સાવધ થઈ ગયો. મેં દાતરડું લઈ ઝૂંપડી બહાર મૂકેલો મારો જમણો પગ એક ઝાટકે કાપી નાખ્યો.' સાધુએ આગળ 'હવે જયારે પણ મનમાં વિકાર જન્મે કે હું તરત કહ્યું 'મારા આ કપાયેલા પગ તરફ જોયું છું. અને મારો વિકાર ઊભી પૂંછડીએ ભાગે છે.' સંતે સદાનંદે તપસ્વીને વંદન કરી વિદાય લીધી.

# શિક્ષણકાર્યના આરંભને વધાવીએ

**તંત્રીસ્થાનેથી...**

લગભગ અગિયાર મહિનાથી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયેલું શાળા કૉલેજનું શિક્ષણકાર્ય આંશિક રીતે ચાલુ કરવાનો રાજય સરકારે ઊંડા વિચારમંથન પછી નિર્ણય કર્યો છે. અગાઉ માધ્યમિક શાળા ૯ થી ૧૨ ધોરણ સુધીના વિદ્યાર્થીઓને એકાંતરે બોલાવી શિક્ષણકાર્ય શરૂ કરવાનો વિચાર કરાયેલ જે વાલીગણ તથા તજજ્ઞોના વિરોધને કારણે અમલમાં મૂકી શકાયો નહોતો. બુધવારે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં પરિપક્વ વિચારસરણીપૂર્વક બોર્ડની અને કૉલેજનાં અંતિમ વર્ષોની પરીક્ષાઓ લેવાનો નિર્ણય લેવાયો છે. દસમા ધોરણ પછી અને બારમા ધોરણને અંતે લેવાતી બોર્ડની પરીક્ષાઓ વિદ્યાર્થીઓ માટે આગળ ઉપરની શૈક્ષણિક કારકિર્દી તથા નોકરી માટેની લાયકાત બની રહેતી હોઈ એમાં 'માસ પ્રમોશન' આપવાથી ભારે અંધાધૂંધી સરજાવાની શકયતા રહે છે. મોટાભાગના તેજસ્વી વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ પછી વિજ્ઞાન પ્રવાહ પસંદ કરી મેરીટ મુજબ મેડિકલ, ઈજનેરી જેવી શૈક્ષણિક કારકિર્દી પસંદ કરતા હોય છે. એ માટે બોર્ડની પરીક્ષા ઉપરાંત એમને અન્ય નીટ કે જેઈઈ જેવી કસોટીઓમાંથી પણ પાર ઊતરવું પડે છે. દેશને ઉચ્ચ કક્ષાના તબીબો, ઈજનેરો અને વૈજ્ઞાનિકો ઉપરાંત શ્રેષ્ઠ અધ્યાપકો, મેનેજમેન્ટ નિષ્ણાતો મળી રહે એ માટે કોઈ ને કોઈ સુનિશ્ચિત વ્યવસ્થા અનિવાર્ય છે.

બોર્ડ એ વિદ્યાર્થી માટે કોઈને કોઈ સુનિશ્ચિત વ્યવસ્થા અનિવાર્ય છે.

બોર્ડ એ વિદ્યારઅથી માટે આગળ ઉપરની કારકિર્દીનો ઉંબરો છે. કોરોના સંક્રમણને કારણે લગભગ આખેઆખું વર્ષ શાળા કૉલેજ અને યુનિવર્સિટીનું શિક્ષણકાર્ય અટવાયેલું છે. વિકલ્પે સરકારે ઓનલાઈન શિક્ષણ વ્યવસ્થાનો વિકલ્પ આપી શિક્ષણ કાર્ય ચાલુ રાખવા માટે શક્ય એટલો પ્રયાસ કર્યો છે. પરંતુ વિદ્યાર્થી માટે શિક્ષકની પ્રત્યક્ષ હાજરી અને શિક્ષક માટે પણ નજર સમક્ષ જ વિદ્યાર્થી બેઠેલા હોય તે પરંપરાગત શિક્ષણ પદ્ધતિ વિશેષ અનુકૂળ છે. આ વાતથી વાલીઓ પણ અજાણ નથી જ. વિદ્યાર્થીને ઘરની ચાર દિવાલો કરતાં શાળા-કૉલેજનું ખુલ્લું વાતાવરણ પ્રોત્સાહક બની રહેતું હોય છે. એથી એનો માનસિક વિકાસ સધાય છે અને પરિવેશના પ્રભાવથી એનું વ્યક્તિત્વ ઘડતર થાય છે. પરંતુ કોરોના સંક્રમણનો હાઉ એવો ડરામણો છે કે વાલીઓ પોતાનાં બાળકો ભયજનક સ્થિતિમાં મુકાય એવી કોઈ વ્યવસ્થા સ્વીકારવા સહમત થશે કે કેમ તે સવાલ છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે શાળામાં હાજરી ફરજિયાત નથી. વળી ઓનઆઈન શિક્ષણ વ્યવસ્થા યથાવત ચાલુ જ રહેવાની છે. પરંતુ કોઈ પણ સંજોગોમાં પરીક્ષા લેવાશે અને માસપ્રમોશન નહીં જ અપાય. આ નિર્ણાયક આદેશો પછી પણ વિદ્યાર્થીએ શાળામાં પોતાની મરજીથી અને વાલીની સંમતિપૂર્વક જ આપવાનું છે. સરકારે કે સંચાલક મંડળ વિદ્યાર્થીની જવાબદારી લેવા તૈયાર નથી. એટલું ચોક્કસ કે નક્કી કરેલા નીતિનિયમો સરકારી તેમજ ખાનગી શાળાઓએ ચુસ્ત રીતે પાળવાના છે. હવે દડો વિદ્યાર્થી અને વાલીની કોર્ટમાં છે. આખરે શિક્ષણકાર્ય કયાં સુધી ખોડંગાયેલી સ્થિતિમાં રહી શકે? જો કોરોના સાથે જ જીવવાનું હોય તો પૂરી સજ્જતા સાથે શિક્ષણકાર્ય શરૂ કરવાની સરકારની તૈયારીને વાલીઓ સાથ આપે તે જરૂરી છે. દિલ્હી સહિત ઘણાં રાજયોમાં શિક્ષણ કાર્ય ચાલુ-બંધ થતું રહ્યું છે. કોરોના કયારે કેવો વળાંક લેશે તે કલ્પવું અઘરું છે. નાશિકની ખાનગી શાળાઓ ખૂલતાંની સાથે સંખ્યાબંધ શિક્ષકો કોરોના પોઝિટિવ નીકળ્યા એ મુદ્દો પણ નજરઅંદાજ કરવા જેવો નથી. શિક્ષણકાર્ય મહત્ત્વનું છે અને તે સુપેરે, પરંપરાગત પદ્ધતિએ ચાલે, પરીક્ષાઓ લેવાય અને શિક્ષણતંત્ર પુન: પાટા પર ચડે તે અગત્યનું છે. પણ એથી વધુ અગત્યની બાબત વિદ્યાર્થી અને શિક્ષકની જિંદગી છે. જીવનના ભોગે કશું પણ થવું ન જોઈએ એવી જડબેસલાક વ્યવસ્થા ગોઠવાતી હોય તો વાલીઓએ જરૂર સરકારને સહકાર આપવો જોઈએ.

# ગરવ કીયો, સોઈ સુર હાર્યો!



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

અભિમાન તો દેવનું પણ ન ટકે, એણે પણ હારવું પડે.

માગશર વદ આઠમનો દિવસ હતો.

સુમેરુ પર્વતની તળેટીમાં દેવસભા મળી હતી. સભાપતિ તરીકે પ્રજાપિતા બ્રહ્મા હતા. સંવાદ શરૂ થયો.

દેવરાજ ઈન્દ્રે પ્રશ્ન કર્યો - 'સર્વશ્રેષ્ઠ પુરુષ કોણ? પ્રભુ કોને કહેવાય ?' બ્રહ્માએ ઉત્તર વાળ્યો. 'દરેકનો પ્રારંભ સર્જનની થાય. સર્જન મારા થકી થાય છે. શ્રેષ્ઠ પ્રભુ હું જ ગણાઉં.' સભામાં ભઘવાન વિષ્ણુ હાજર હતા. એણે વિરોધ કર્યો. 'શ્રેષ્ઠ તો હું જ ગણાઉં.' મારા આદેશથી તમે સર્જન કરી શકો છો. સર્જન પછીનું પાલન તો મારા થકી થાય છે.'

ચડસાચડસી વધી પડી. સભામાં ચારેય વેદ મૂર્ત સ્વરુપમાં પ્રત્યક્ષ હાજર હતા. દેઓએ એમને નિર્ણય પૂછ્યો. 'શ્રેષ્ઠ કોણ છે?' ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ - ચારેય એ વારાફરતી નિર્ણય આપ્યો. 'શ્રેષ્ઠ પ્રભુ તો આ બંનેમાંથી કોઈ નથી. એ તો ભગવાન શંકર છે. સર્જનને મહત્વ છે. એનાથી વધુ વિસર્જનને છે, એ એમના થકી છે. એમનું તો નામ જ શંકર છે. સૌ કોઈનું એ કલ્યાણ કરે છે.'

સભામાં ૐકાર મૂર્ત સ્વરુપમાં હાજર હતા. એમણે આ નિર્ણયનું સમર્થન કર્યું. 'શ્રેષ્ઠ તો શિવ જ છે.'

બ્રહ્માએ આ નિર્ણયને અમાન્ય કર્યો. 'એ શ્રેષ્ઠ પ્રભુ નથી એનું સ્વરુપ તો જૂઓ - અમંગળ. સ્મશાનની રાખ શરીરે ચોળે, ખોપડીની માળા. આખલા ઉપર સવારી, ગળામાં સર્પો.' નહિં. એ શ્રેષ્ઠ નથી શ્રેષ્ઠ તો હું જ.'

એવામાં ઓચિંતા પ્રકાશ થયો. આ તેજ પ્રકાશ વચ્ચે ભગવાન શંકર પ્રગટ થયા. બ્રહ્માએ વખતે અભિમનથી ઘેરાયેલા હતા. એમણે શંકરને કહ્યું. 'આવા મારા શરણમાં આવ. તું મારી પાસે બાળક જેવો છો.'

શિવજીને થયું - 'આનું અભિમાન ઉતારવું પડશે.' એણે યોગવિદ્યાનો આશરો લીધો. પોતાના જ શરીરમાંથી એક પુરુષ પ્રગટાવ્યો. એકદમ ભયંકર. એનો વર્ણ ઘેરો શ્યામ. કાળને પણ મહાત કરે એવો વિકરાળ. એ કાળભૈરવ હતો. શિવજીએ એને માત્ર સંકેત જ કર્યો. એ વખતે બ્રહ્માને પાંચ મસ્તક હતા. કાળભૈરવે પોતાના જમણા હાથથી આંગળીના નખની ધારથી વીજળીવેગે બહ્માનું પાંચમું મસ્તક છેદી નાખ્યું. છૂટું કરી નાખ્યું.

સભાગૃહમાં હાહાકાર થયો. એકી અવાજે શિવજીનો જયજયકાર થયો. પસ્તાવો બ્રહ્માને થયો જ. વિષ્ણુ ને પણ થયો. બ્રહ્માએ ક્ષમાયાચના કરી. શિવજીની સ્તુતિ કરી. શિવજી તો આશુતોષ - જલદીથી ગુસ્સે થયા. અને આશુતોષ - જલદીથી સંતોષ પામી જાય. એણે ક્ષમા આપી દીધી.

પણ એણે કાળભૈરવને કહ્યું, 'તને બ્રહ્મહત્યાનું પાપ તો લાગ્યું જ છે. આ મહાપાતક છે. પણ તને ઉપાય બતાવું છું. નગરી વારાણસી મારી પોતાની નગરી છે. તને એના રાજા તરીકે સ્થાપું છું. તું આ નગરીનું શાસન કર. તું જેવો આ નગરીમાં પ્રવેશ કરીશ. કે તરત જ તારું આ મહાપાતક ધોવાઈ જશે. આ મારી નગરી છે. તું તો ખરો જ, જે કોઈ એમાં પ્રવેશે, એના પાપ ધોવાઈ જાય.'

કાળભૈરવે વારાણસી જવા પ્રસ્થાન કર્યું.

ત્યારથી માગશર વદ આઠમનો દિવસ કાલાષ્ટમી અથવા કાળભૈરવ અષ્ટમી તરીકે પ્રસિદ્ધ થઈ ગયો.

# મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં કઈ પત્રિકા શરૂ કરી હતી?



## ખજાનો

અનિલ પટેલ

### ભારતનો ઈતિહાસ

૧ લોર્ડ મેકોલનું નામ કયા સુધાર સાથે સંકળાયેલ છે?
(અ) આર્થિક સુધારા (બ) વહીવટી સુધારા
(ક) આરોગ્ય સુધારા (ડ) શૈક્ષણિક સુધારા

૨ અંગ્રેજોએ ભારતમાં સૌપ્રથમ દક્ષિણ ભારતમાં કયા કારખાનું નાખ્યું ?
(અ) મદ્રાસ (બ) હૈદ્રાબાદ
(ક) મછલીપટ્ટમ્ (ડ) કોચીન

૩ નીચેનામાંથી હડપ્પા સંસ્કૃતિનું સૌથી આધુનિક સ્થળ કયું છે?
(અ) રંગપુર (બ) ધોળાવીરા
(ક) લોથલ (ડ) સૂરકોટડા

૪ લોથલનું ખોદકામનું નેતૃત્વ કોણે લીધું હતું ?
(અ) એસ.આર. રાવ (બ) માધો સ્વરુપ વત્સ
(ક) જે.આર. નાણાવટી (ડ) પી પી પંડ્યા

૫ નીચેનામાંથી કયા ગ્રંથના રચયિતા કાલીદાસ નથી ?
(અ) માલાવિકાગ્નિચિત્રમ્ (બ) વિક્રમોવર્શીયમ્
(ક) ઋતુસંહાર (ડ) વિક્રમાંકદેવચરિત્

૬ હડપ્પા સંસ્કૃતિમાં મકાનો શેના બનાવવામાં આવતા હતા ?
(અ) વાંસના (બ) પથ્થરોના
(ક) પાકી ઈંટોનાં (ડ) લાકડાના

૭ કાંચી કયા વશના રાજાઓની રાજધાની હતી ?
(અ) મોર્યોની (બ) પલ્લવોની
(ક) ગુપ્તોની (ડ) શાતવાહનોની

૮ કયા અનાજથી હડપ્પીય સંસ્કૃતિના લોકો અજાણ હતા ?
(અ) કપાસ (બ) ચોખા
(ક) જવ (ડ) રાગી

૯ ઈન્ડિકાના લેખક કોણ છે?
(અ) પાણિની (બ) હલ
(ક) કાલિદાસ (ડ) મેગેસ્થનીસ

૧૦ મહાત્મા ગાંધીજીના રાજનૈતિક ગુરુ કોણ હતા?
(અ) ગોપાલકૃષ્ણ ગોખલે (બ) વિનોબા ભાવે
(ક) બાલ ગંગાધર તિલક (ડ) શ્રીમદ્ રાજચંદ્ર

૧૧ ભારતમાં ભૂદાન ચળવળની શરૂઆત કોણે કરી ?
(અ) ગાંધીજી (બ) જયપ્રકાશ નારાયણ
(ક) વિનોભા ભાવે (ડ) જવાહરલાલ નહેરુ

૧૨ ભારત સ્વતંત્ર થયું ત્યારે બ્રિટનના વડાપ્રધાન કોણ હતા ?
(અ) ટોની બ્લેયર (બ) લોર્ડ એટલી
(ક) ચર્ચિલ (ડ) જહોન મેજર

૧૩ પ્રખ્યાત લાલ કિલો કોણે બંધાવ્યો હતો?
(અ) બાબર (બ) હૂમાયુ
(ક) શાહજહાં (ડ) જહાંગીર

૧૪ મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં કઈ પત્રિકા શરૂ કરી હતી ?
(અ) નવજીવન (બ) હરિજન
(ક) આફ્રિકન ટાઈમ્સ (ડ) ઈન્ડિયન ઓપીનીયન

૧૫ કયા મોગલ બાદશાહે ન્યાયની સાંકળ લગાડી હતી ?
(અ) બાબર (બ) હૂમાયુ
(ક) જહાંગીર (ડ) અકબર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૮ જાન્યુઆરી :
  - ખગોળશાસ્ત્રી અને વૈજ્ઞાનિક ગેલેલીયોનું નિધન (૧૬૪૨)
  - સામાજિક ફિલ્મોના ડિરેકટર વિમલ રોયનું અવસાન.
  - આફ્રિકી નેશનલ કોંગ્રેસનો સ્થાપના દિવસ.
  - જાણીતા વૈજ્ઞાનિક સ્ટીફન હોકીન્સનો જન્મદિવસ (૧૯૪૨)
- ૯ જાન્યુઆરી :
  - ફ્રાન્સના સિમોન દ. બોવારની જન્મજયંતિ (૧૯૦૮)
  - બોલીવુડ એકટર ફરહાન અખ્તરનો જન્મદિવસ (૧૯૭૪)
  - આઈફોન સીરીઝનો પહેલો સ્માર્ટફોન એપલે બજારમાં મૂક્યો (૨૦૦૭)
  - મહાકવિ ન્હાનાલાલ દલપતરામ ત્રિવેદનું નિધન (૧૯૪૬)
- ૧૦ જાન્યુઆરી :
  - આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ધારાશાસ્ત્રી ડૉ. રાધાવિનોદ પાલનું નિધન (૧૯૬૭)
  - બોલીવુડ અભિનેતા ઋત્વિક રોશનનો જન્મદિવસ (૧૯૭૪)
  - દેશની તમમ ભાષાઓમાં ગીતો રેકોર્ડ કરનાર ગાયક યેશુદાસનો જન્મદિવસ (૧૯૪૦)
  - સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી (૧૯૨૦)
- ૧૧ જાન્યુઆરી :
  - સાહિત્યકાર ડૉ. દર્શના ચમનલાલ ધોળકીયાનો જન્મદિવસ (૧૯૬૨)
  - પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું નિધન (૧૯૬૬)
  - લેખિકા કુંદનિકા કાપડીયાની જન્મજયંતિ (૧૯૨૭)
  - પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતું સ્વતંત્ર બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યું. (૧૯૭૨)
- ૧૨ જાન્યુઆરી : રાષ્ટ્રીય યુવાદિન
  - સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ (૧૮૬૩)
  - સૌ પ્રથમ એક્સરે ફોટો અમેરિકામાં કાઢવામાં આવ્યો (૧૮૯૬)
  - રાજકીય ફિલસુફ બ્રિટનના એડમંડ બર્કનો જન્મદિવસ (૧૭૨૯)
- ૧૩ જાન્યુઆરી :
  - સંતુર વાદક પંડિત શિવકુમાર શર્માનો જન્મદિવસ (૧૯૩૮)
  - દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી પર હુમલો થયો (૧૮૯૭)
  - કવિ ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્'નું નિધન (૧૯૯૧)
  - અવકાશયાત્રી રાકેશ શર્માનો જન્મદિવસ (૧૯૪૯)
- ૧૪ જાન્યુઆરી :
  - હાસ્ય લેખક વિનોદ ભટ્ટનો જન્મદિવસ (૧૯૩૮)
  - લાભશંકર ઠાકરની જન્મજયંતિ (૧૯૩૫)
  - બંગાળી લેખિકા મહાશ્વેતાદેવીનો જન્મદિવસ (૧૯૨૬)
  - હેલીનો ધૂમકેતુ શોધનાર ખગોળશાસ્ત્રી એડમંડ હેલીનું નિધન (૧૭૪૧)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં કયા રાજયમાં જનતા દળ(યુ)ના ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. જવાબ : અરુણાચલ પ્રદેશ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) ગાણીત અરુણ બી : સે-૧૪ (૩) પરેશ એમ પટેલ : સે-૪ડી (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) હિરેન પટેલ : સે-૩સી (૯) રાજુલ પી મહેતા : સે-૨૪ (૧૦) મૂળજીભાઈ પરમાર : સે-૭

**આ સપ્તાહનો સવાલ**

પ.બંગાળ રાજયમાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ કોણ છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ગૂંચ અને ગાંઠ : પતંગ દોરમાં - જીવતર દોરમાં...



## હળવે હૈયે

પ્રકાશ લાલા

'કહું છું... આવતા ગુરુવારે ઉત્તરાય છે... તે ચીકી ને તલસાંકળી, શેરડી બે-ચાર દિવસમાં યાદ કરીને લેતા આવજો!'

શ્રીમતીજીએ ઉત્તરાયણ સ્પેશિયલ આઈટેમનો ઓર્ડર આપ્યો ને અમને ઉત્તરાયણ સંલગ્ન પતંગ, પતંગનો બધો આધાર જેના ઉપર છે તે દોરી અને દોરી સાથે જેનો કાયમનો નાતો રહ્યો છે એ 'ગૂંચ' યાદ આવી ગઈ.... વિચાર ત્યાં જ ના અટક્યા... પણ 'ગૂંચ' જોડે જોડાયેલી 'ગાંઠ' ચિત્તનો કબજો લઈ બેઠી...

પતંગ ચગાવવા, જોરદાર પેચ લડાવવા માટે દોરી જેટલી 'ગૂંચ' અને 'ગાંઠ' વગરની હોય એટલી વધુ મજા પડે.... વિના ગૂંચ-ગાંઠની દોર સરરર....સર... સરળતાથી સરકે, ઢીલ-ખેંચના પેચમાં મજા પડે... ને તેથી જ આપણે દોરીમાં ગૂંચ પડતાં એ ગૂંચળાને તોડી-કાપી ફગાવી દઈએ છીએ અને ત્યાં દોરીના બે છેડાને ગાંઠ મારી કામ ચલાવીએ છીએ... પરંતુ આવી 'ગાંઠગાંઠ' વાળી દોરી પતંગ ચગાવવાની - પેચ કરવાની મોજ બગાડતી હોય છે...

જેવું પતંગદોરનું એવું જ જીવતદોરનું છે... જીવન પણ ગાંઠો વગરનું, સીધુસટ હોવું જોઈએ... સરળતાથી - ભાર વગર - ખચકા વગર વહ્યો જાય તેવું...

જીવનમાં આપણે હાથે કરીને પૂર્વગ્રહો, ગેરસમજો, વેર-ઝેર, અંધશ્રદ્ધા, અહંકાર દ્વારા ગૂંચોને ગાંઠો સર્જતા હોઈએ છીએ જે સરવાળે જીવનરસ, જિંદગીનો આનંદ ઓછો કરવાનું જ કામ કરે છે...

સંબંધોમાં આવું નથી બનતું ? ગેરસમજ, પૂર્વગ્રહ, કોઈની કાનભંભેરણી કે આપણા ઈગો - 'અહં' ના લીધે સંબંધમાં 'ગૂંચ' પડવાનો વારો આવે છે... એકવાર સંબંધ બગડે પછી સુધારવાના પ્રયત્ન કરાય - સંબંધ ફરી જોડાય તોય એમાં પડી ગયેલી 'ગાંઠ' નડ્યા કરવાની... આપણેઆવી પૂર્વગ્રહ, મિથ્યાભિમાન, ગેરસમજ, વાંધા-વચકા, દુશ્મનાવટરુપી ગાંઠોનો ભાર લઈને જીવતા હોઈએ છીએ ને હાથે કરીને દુ:ખી થતા રહીએ છીએ... શેરડીના સાંઠામાં જયાં જયાં ગાંઠ આવે છે ત્યાં રસ-કસ નથી હોતો.... જીવનમાં જયાં જયાં ગાંઠ આવે છે ત્યાં જીવતર રસ વગરનું - મજા વિનાનું બની જાય છે.

માટે જ જેમ પતંગની દોરીમાં ગૂંચ ના પડે અને ગાંઠોવાળી દોરી ના થાય તેની કાળજી લઈએ છીએ, એવી દરકાર સતર્કતા જીવતર દોરને ગાંઠો-ગૂંચો રહિતની રાખવા દાખવવી જોઈએ.... કેમ કે જીવનમાં સાચા-સારા સંબંધો, પરસ્પર - પ્રેમભાવ, જે વધારે મૂલ્યવાન છે... માટે 'ગૂંચ' 'ગૂંચવાડા'થી દૂર જ રહીએ, પણ હા, જલેબીના 'ગૂંચળા' જેવી મીઠાશ વહેંચતા ફરીએ...

ઉત્તરાયણનો તહેવાર, 'કાઈટ ફલાઈંગ ડે' આવશે.... પરંતુ કાળમુખા કોરોનાએ નવરાત્રિ, દિવાળી, ક્રિસમસની ઉજવણીના રંગમાં ભંગ પાડ્યો એમ ઉત્તરાયણે ય સખે - મન મૂકીને, ધાબે-છાપરે સગાં-સ્વજનોનાં ધાડાં સાથે ધમ્માચકડી કરતાં કરતાં, ચીકી-બોર, શેરડી ખાતાં ખાતાં, મોટેથી વાગતાં ગીતો સાંભળતાં સાંભળતાં પતંગ ને પેચની મજા પહેલાં જેવી માણવા નહીં દે એવાં એંધાણ લાગે છે...

જો કે માંડ કાબૂમાં આવેલો કોરોના ફરી બેકાબૂ ન બની બેસે, દિવાળઈની જેમ સંક્રમણ પાછું જોરમાં ન આવી જાય તે માટે આપણે પણ સાવચેતીનાં તમામ પગલાં સાથે ઉત્તરાયણ ઉજવીએ એમાં જ ડહાપણ અને બધાનું કલ્યાણ છે. એ વાત ગાંઠે બાંધીએ.

એક વાત કહેવી પડશે કે કોરોનાએ સર્વધર્મ સમભાવ રાખ્યો છે અને જરા પણ પ્રદેશવાદ દાખવ્યો નથી. હિંદુ તહેવારો હોય કે ખ્રિસ્તી - મુસ્લિમ તહેવારો હોય બધાંને એણે બાનમાં લીધાં છે... ભારત હોય કે અમેરિકા, ચીન કે યુ.કે. - યુરોપ હોય બધાં જ પ્રદેશોને એણે 'સબ ભૂમિ મેરી' માનીને પરેશાન કર્યા છે... તહેવારોની, કાર્યક્રમોની ઊજવણીની 'તરાહ' આ મહામારીએ બદલાવી દીધી છે... હવે શિક્ષણની 'નવી તરાહ' માફક જીવનની 'નવી તરાહ' સ્વીકારવીને જીવતાં શીખવું પડશે એ નક્કી છે...

પતંગ આકાશમાં ગમે તેટલો ઊંચે જાય - ચગે - વિહરે પણ એનો કંટ્રોલ બાયા વાયા દોરી એના ચગાવનારના હાથમાં હોય છે... એમ, માનવી ગમે તેટલો ઊંચો ચઢે, મનમાં 'હું કેટલો મોટો - મહાન' એવું અભિમાન રાખે પણ એણે એ ન ભૂલવું જોઈએ કે એનો 'અલ્ટીમેટ કંટ્રોલ' તો ઈશ્વરના હાથમાં જ છે... એ ધારે તો અને ત્યાં સુધી બાળકોને ઊંચે ચઢવા - ઉતરવા - ચગવા દે... ને ધારે ત્યારે ભોંય ભેગા કરી શકે છે.... માટે જ અહંકાર -ઈગો રાખ્યા વગર, ધરતી પર પગ રાખીને જીવીએ એમાં જ મજા છે. આપણું કલ્યાણ છે એ વાત ગાંઠે બાંધીએ... (ગાંઠ કે ગૂંચ પાડવાની વાત નથી...)

'હળવે હૈયે'માં થોડી ભારેખર વાત થઈ ગઈ, નહીં? તો સમાપને હળવા થઈએ : '૧૯૫૦માં જન્મેલી વ્યક્તિની ઉંમર અત્યારે કેટલી હશે?'

'પણ એ સ્ત્રી છે કે પુરુષ...?'